1. મહિલા સશક્તિકરણની વ્યાખ્યા આપી, તેનું મહત્ત્વ સમજાવો. (March 18, 19)

- સશક્તિકરણ એટલે 'એમ્પાવરમેન્ટ', એમ્પાવરમેન્ટમાં પાવર એટલે સત્તા અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ઉદાર વિચાર સાથેનો ગાઢ સંબંધ. મહિલા સશક્તિકરણમાં 'શક્તિ' (પાવર) મહત્ત્વની છે, જેમાં બળ અને પ્રભાવનો સમાવેશ થાય છે. મહિલા સશક્તિકરણનો અર્થ અને વ્યાખ્યા : મહિલા સશક્તિકરણ એટલે મહિલામાં એવી શક્તિ હોવી જે પોતાના જીવનનિર્વાહ માટે પોતાની ઇચ્છા અનુસાર કાર્ય કરવા માટે સક્ષમ અને સ્વતંત્ર હોય. રેણકા પામેયાના મતે, ''મહિલા સશક્તિકરણ એટલે સામાજિક ન્યાય અને સમતા. મહિલાની સ્વતંત્ર ઓળખ અથવા તેનો માનવીના રૂપમાં સ્વીકાર થવો તે.'' સુશીલા પારીકના મતે, 'મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓનું શક્તિ સંપન્ન થવું. શક્તિ અને સાધન બંને જીવનની ગુણવત્તા સાથે જોડાયેલી અવધારણાઓ છે.'' મહિલા સશક્તિકરણ એ પરિવર્તનશીલ અને બહુઆયામી અવધારણા છે. જેમાં મહિલાઓની આત્મછબી અને સામાજિક છબીમાં પરિવર્તન આવે છે. મહિલા સશક્તિકરણના પાયામાં મહિલાઓને એક વ્યક્તિ ગણી, સશક્ત બનાવી તેને નિર્ણયમાં સામેલ કરવી તથા સત્તા અને પદ આપવાં. મહિલાઓની શક્તિઓનો સ્વતંત્ર રીતે વિકાસ કરવો. મહિલા સશક્તિકરણનું મહત્ત્વઃ ભારતીય સમાજમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, કાનૂની વગેરે ક્ષેત્રોમાં મહિલા સશક્તિકરણનું આગવું મહત્ત્વ છે.
- 1. વ્યક્તિગત મહત્ત્વઃ મહિલાઓમાં વ્યક્તિગત રીતે જાગૃતિ આવે અને પોતાના પ્રશ્નો અને પડકારોનો સામનો કરી શકે. મહિલાઓ પોતાની કશળતા વિકસાવીને નિર્ણયાત્મક સત્તા પ્રાપ્ત કરી શકે. મહિલાઓ પોતાનું મૂલ્ય સમજી સામાજિક વિકાસમાં યોગદાન આપી શકે. મહિલાઓ સ્વમાન, સમજણ અને સન્માન મેળવી અન્યાયોને ગંભીરતાપૂર્વક દૂર કરવા કાર્યાન્વિત બની શકે.
- 2. સામાજિક મહત્ત્વ : મહિલા સશક્તિકરણ સમાજમાં મહિલાઓ પ્રત્યેની હીન ભાવનાને અવગણે છે અને મહિલાઓને સન્માન આપવા માટે પ્રયત્ન કરે છે. મહિલા સશક્તિકરણ એ સમાજમાં મહિલાઓને થતા અન્યાય, શોષણ કે પજવણીમાંથી મુક્તિ આપી સ્વતંત્રતા તરફ લઈ જવાની મહત્ત્વની પ્રક્રિયા છે. મહિલા સશક્તિકરણ માટે આંદોલનો થયાં છે તથા મહિલા સંગઠનો અને સમાજસુધારકોએ સામૂહિક ચેતના પણ પેદા કરી છે. મહિલા સશક્તિકરણ મહિલાઓને પોતાનાં સ્થાનમાં પરિવર્તન લાવવા અને પોતાનાં બાળકોનું યોગ્ય સામાજિકરણ કરવા સક્ષમ બનાવે છે. મહિલા સશક્તિકરણ મહિલાઓમાં નેતૃત્વશક્તિ અને આત્મવિશ્વાસ વધારવા માટે પણ આવશ્યક છે.
- 3. શૈક્ષણિક મહત્ત્વ : શિક્ષણમાં મહિલા સશક્તિકરણ આવશ્યક છે. મહિલાઓ પોતાના પસંદગીનાં ક્ષેત્રોમાં શિક્ષણ મેળવી પોતાનાંધ્યેય, સિદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરી શકે. મહિલાઓ શિક્ષણ મેળવી આત્મવિશ્વાસ કેળવી શકે અનેસ્વાવલંબી બનવા સમર્થ બની શકે. મહિલાઓને શિક્ષણમાં મળતી વિશેષ સવલતો મહિલા સશક્તિકરણને ગતિશીલ બનાવે છે. શિક્ષણ મહિલાઓનાં પરંપરાગત વલણોને બદલી તેને સાચી દિશા તરફ લઈ જાય છે. મહિલાઓમાં વ્યાવસાયિક કુશળતા વધારવા શૈક્ષણિક સશક્તિકરણ આવશ્યક છે.
- 4. આર્થિક મહત્ત્વ : દરે ક રાષ્ટ્રના વિકાસ માટે આર્થિક સશક્તિકરણ જરૂરી છે. મહિલાઓને મિલકતમાં સમાન હક માટે જાગ્રત કરવી . અર્થોપાર્જન કરતી મહિલાઓની આવક પર તેનો અધિકાર રહે અને આર્થિક રીતે સ્વાવલંબી બને તે મહિલા સશક્તિકરણ માટે જાગૃતિ. આવશ્યક છે. જે મહિલાઓ કૃષિ અને કૃષિ સાથે જોડાયેલા ગૃહઉદ્યોગ કે સ્વરોજગારમાં છે તેમને પોતાના કાર્યનું યોગ્ય વળતર મળે અને વધારી તેના આર્થિક યોગદાનની ગણતરી થાય તે મહિલા સશક્તિકરણ માટે આવશ્યક છે . સમાજમાં આર્થિક સશક્તિકરણ વધશે તો વેતનમાં

સમાનતા આવશે, કેળવ પરિણામે જાતિગત ભેદભાવો નાબૂદ થશે. આર્થિક સશક્તિકરણ થતાં મહિલાઓની બચત યોજનાઓ વધશે અને સમાજનો દીર્ઘકાલીન સમતુલિત આર્થિક વિકાસ થશે.

- 5. રાજકીય મહત્ત્વ : મહિલા સશક્તિકરણનો ખ્યાલ રાજકીય ક્ષેત્ર સાથે જોડાયેલો છે. ભારતના બંધારણની કલમ 14, 15 અને 16 મહિલા અને પુરુષને સમાનતાનો અધિકાર, મહિલા અને પુરુષના લિંગભેદ સામે પ્રતિબંધ અને રોજગારીની તકોમાં સમાનતાનો અધિકાર આપે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા આરક્ષણની જોગવાઈના કારણે મહિલાઓને રાજકીય સશક્તિકરણની તક પ્રાપ્ત થઈ છે. મહિલા સશક્તિકરણ માટે ચૂંટણીઓમાં મત આપવો, પોતાની ઉમેદવારી નોંધાવવી, ચૂંટણીમાં વિજેતા બનતા સત્તામાં ભાગીદાર થવું વગેરે જરૂરી છે. ભારતમાં મહિલાઓ વિશેના વિશેષ કાયદાઓ દ્વારા મહિલા સશક્તિકરણ કરવાનો પ્રયત્ન થયો છે. મહિલાઓમાં આરોગ્ય અને સ્વાસ્થસંબંધી સભાનતા કેળવાય તે મહિલા સશક્તિકરણ માટે આવશ્યક છે.

2. ગુજરાતમાં મહિલાઓ માટેની શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રની યોજનાઓ જણાવો.

- ગુજરાતમાં મહિલાઓ માટેની શૈક્ષણિક ક્ષેત્રની યોજનાઓ : 2011ની વસ્તીગણતરી અનુસાર ગુજરાતમાં કુલ સાક્ષરતા દર 78.03 ટકા છે. જેમાં પુરુષ સાક્ષરતા દર 85.75 ટકા અને મહિલા સાક્ષરતા. દર 69.68 ટકા છે. ગુજરાતમાં શહેરી સાક્ષરતા દર 81.00 ટકા અને ગ્રામીણ સાક્ષરતા. દર 61.40 ટકા છે. ગુજરાતમાં પુરુષ સાક્ષરતા દરની સરખામણીમાં મહિલા સાક્ષરતા દર ઓછો છે અને ગ્રામીણ સાક્ષરતા દર પણ ઓછો મહિલાઓનો સાક્ષરતા દર વધારવા માટે ગુજરાત સરકારે અનેક વિધ યોજનાઓ ઘડી છે અને તે યોજનાઓના અમલીકરબ માટે સઘન પ્રયત્નો કરવામાં આવે છે.
- કેટલીક મહત્ત્વની શૈક્ષણિક યોજનાઓ નીચે મુજબ છે : વિદ્યાલક્ષી બૉન્ડ કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય આદિજાતિ કન્યાઓના વાલીને અનાજ સહાય કન્યા સૈનિક શાળાની વિદ્યાપીતીખોને શિષ્યવૃત્તિ, ગણવેશ અને તાલીમ સુવિધા કન્યામોને વિનામૂયે શિક્ષણ કન્યા માટે છાત્રાતાલયની સુવિધા સરકારી ઇજનેરી કોલેજમાં અને સરકારી પોલિટેકનિકમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે છાત્રાલયની સુવિધા વિદ્યા સાધના યોજના એસ. એસ.સી, પછીના ખભ્યાસ ક્રમ માટે અનુસૂચિત જનજાતિની કન્યાખોને શિષ્યવૃત્તિ, છાત્રાલય, તાલીમ વગેરેની સુવિધાઓ દ્વારા મહિલાઓના સાક્ષરતા દરમાં વધારો કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.
- ગુજરાતમાં મહિલાઓ માટેની આર્થિક ક્ષેત્રની યોજનાઓ : ઈ. સ. 2011ની વસ્તીગણતરી અનુસાર ગુજરાતમાં કામકાજની ભાગીદારીનો કુલ દર 80.54 ટકા છે. જેમાં પુરુષની ભાગીદારીનો દર 57.16 ટકા અને મહિલાઓની ભાગીદારીનો દર 23.38 ટકા છે. ' ગુજરાતમાં જાહેર સંગઠિત ક્ષેત્રોમાં 57.47 ટકા મહિલાઓ અને ખાનગી સંગઠિત ક્ષેત્રોમાં 42.53 ટકા મહિલાઓ કામ કરેગુજરાત રાજ્યમાં કામકાજની ભાગીદારીમાં મહિલાઓનો દર વધારવા માટે નીચે મુજબની અનેક યોજનાઓ તૈયાર કરવામાં આવી છે :
- મહિલાઓ માટે તાલીમ યોજનાઓ તૈયાર કરવી. મહિલાઓ માટે ખાસ રોજગાર કચેરીઓની સ્થાપના કરવી. મિશન મંગલમ યોજના અમલમાં મૂકવી. આજીવિકા કેન્દ્રો શરૂ કરવા. ગ્રામીણ વિસ્તારોમાં 'સ્વ' સહાય જૂથોના ફેડરેશનની યોજના અમલમાં મૂકવી. માતા યશોદા ગૌરવ નિધિ યોજના અમલમાં મૂકવી. ઘર દીવડા યોજના અમલમાં મૂકવી. વર્કિંગ વીમેન હોસ્ટેલ સુવિધા યોજના અમલમાં મૂકવી. મહિલા સંચાલિત 'ગ્રામ્ય દૂધઉત્પાદક મંડળીઓ' અને મહિલા પશુપાલકો માટેની પ્રોત્સાહક સહાય યોજનાઓનું અમલીકરણ કરીને મહિલાઓનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે.

3. મહિલાઓને રક્ષણ પૂરું પાડતા મુખ્ય કાનૂનોની નોંધ લખો. (March 18, 19; July 18)

- મહિલાઓના જૈવકીય, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક વગેરે ક્ષેત્રના સશક્તિકરણ માટે મહિલાઓને રક્ષણ પૂરું પાડતા અનેક કાનૂનો ઘડવામાં આવ્યા છે. કેટલાક મુખ્ય કાનૂનો, કાનૂન અમલનું વર્ષ અને કાનૂનનો હેતુ નીચે મુજબ છે :
- 1. ભારતીય ફોજદારી અધિનિયમ : ઈ. સ. 1860 મહિલાઓ વિરુદ્ધના ગુના માટે ખાસ શિક્ષાની જોગવાઈ
- 2. અનૈતિક વેપાર અટકાયત કાનૂન : ઈ. સ. 1956 મહિલાઓના જાતીય શોષણ સામે રક્ષણ આપવાની જોગવાઈ
- 3. દહેજ પ્રતિબંધક કાનૂન : ઈ. સ. 1961 સમાજના દહેજનાં દૂષણની નાબૂદી માટે .
- 4. ગર્ભપાતને લગતો કાનૂન : ઈ. સ. 1971 મહિલાઓનાં જીવન અને તેના ગૌરવની સુરક્ષા માટ
- ` 5. બીભત્સ પ્રદર્શન પર પ્રતિબંધ મૂકતો કાનૂન : ઈ. સ. 1986 મહિલાઓને અપમાનજનક અથવા હલકી રીતે નિરૂપવા સામે રક્ષણ આપવાની જોગવાઈ
- 6. સતી પ્રતિબંધક કાનૂન : ઈ. સ. 1987 (ઈ. સ. 1829માં સતીપ્રથા નાબૂદી માટે કાયદો ઘડવામાં આવ્યો હતો. ઈ. સ. 1987માં અગાઉના કાયદાને સંપૂર્ણ નાબૂદ કરી નવો કાયદો ઘડવામાં આવ્યો.) વિધવા મહિલાઓને જીવનજીવવાની સુરક્ષા આપવાની જોગવાઈ
- 7. કૌટુંબિક હિંસા નિવારણ કાનૂન : ઈ. સ. 2005 મહિલાઓને કૌટુંબિક ઘરેલુ હિંસા સામે રક્ષણ આપવાની જોગવાઈ 8. કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયતી કાનૂન : ઈ. સ. 2013 ષ કામના સ્થળે મહિલાઓને જાતીય સતામણી સામે સુરક્ષા આપવાની જોગવાઈ માટે ઉપર દર્શાવેલા કાનૂનો ઉપરાંત કેટલાક રક્ષણાત્મક કાનૂનો પણ છે જે મહિલાઓના દરજ્જાને નુકસાન કરતી ઘટનાઓ સામે રક્ષણ આપી મહિલા સશક્તિકરણને વેગ આપે છે.

4. મહિલાઓના બંધારણીય અધિકારો જણાવો. (July 18, March 18).

- સ્વતંત્ર ભારતમાં નારીમુક્તિની પ્રક્રિયાને વેગ મળ્યો. ભારતના બંધારણમાં લંગિક સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો અને મહિલા અને પુરુષ બંનેને દરજ્જા અને તકની સમાનતાની ખાતરી આપવામાં આવી. સ્વતંત્ર ભારતમાં મહિલા ઉત્કર્ષના ક્ષેત્રે વધુ અસરકારક પગલાંની ચોક્કસ બંધારણીય જોગવાઈઓ થઈ. કેટલાક મુખ્ય બંધારણીય અધિકારો નીચે પ્રમાણે છે :
- બંધારણની કલમ 15 (3) અનુસાર રાજ્ય સરકારોને મહિલાઓ તથા બાળકો માટે ખાસ સગવડો ઊભી કરવાની સત્તા આપવામાં આવી છે. આ કલમ મહિલાઓની પ્રતિકુળ સ્થિતિ અંગે સભાનતા કેળવી તેમને પુરુષોની હરોળમાં લાવવા જરૂરી પગલાં ભરવાનું રાજ્ય સરકારોને સૂચન કરે છે.
- બંધારણની કલમ 16 (2) અનુસાર રોજગારીના ક્ષેત્રે ધર્મ, પ્રજા, જ્ઞાતિ, જાતિ (જીટ), વંશ અને જન્મસ્થળને આધારે ભેદભાવ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બંધારણની ક્લમ 39 (1) મહિલા અને પુરુષ બંનેને આજીવિકાપાર્જન માટેનાં પૂરતાં સાધનો પ્રાપ્ત કરવાનો સમાન હક આપે છે.
- બંધારણની કલમ 39 (ડી) સમાન કામ માટે મહિલા અને પુરુષને સમાન વેતનનો હક આપે છે. બંધારણની કલમ 42માં કામની ન્યાયી અને માનવીય શરતો ઉપરાંત માતૃત્વના લાભની જોગવાઈ કરવામાં આવી છે સામાજિક

પાસાંઓને સ્પર્શતા કાયદાઓમાં લગ્ન, મિલકત, વારસો અને વાલીપણાને લગતા કાયદાઓ મુખ્ય છે : ઈ. સ. 1954ના 'ધ સ્પેશ્યલ મૅરેજ ઍક્ટ' હેઠળ લગ્નમાં સાથીની પસંદગી અંગે કન્યાઓને સ્વતંત્રતા મળે છે. ઈ. સ. 1955ના 'હિન્દુ મેરેજ એક્ટ' અનુસાર બહુપત્ની લગ્ન પર પ્રતિબંધ મુકાયો છે. આ કાયદા હેઠળ કેટલીક શરતોને આધીન મહિલાને છૂટાછેડા લેવાનો અધિકાર મળે છે.

- ઈ. સ. 1967થી અમલમાં આવેલો 'ધ ડાવરી પ્રોહિબીશન ઍક્ટ' દહેજની પ્રથા પર પ્રતિબંધ મૂકે છે. આર્થિક પાસાંઓને સ્પર્શતા કાયદાઓમાં મુખ્યત્વે વારસામાં હક, સમાન વેતન અને વળતરને લગતા કાયદાઓ છે. મહિલાઓની સર્જનાત્મક કાર્યશક્તિનો ઉપયોગ કરવા ભારતના બંધારણમાં કરવામાં આવેલ 73માં સુધારાને આધારે પંચાયતી રાજની સંસ્થાઓમાં ગ્રામપંચાયતોથી નગરપાલિકાઓ અને રાજ્યસ્તર સુધી 33 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

5. ગુજરાતમાં મહિલાઓ માટેની સામાજિક કલ્યાણના હેતુઓની યોજનાઓ જણાવો.

- ગુજરાત રાજ્યમાં નબળા વર્ગની મહિલાઓના ઉત્કર્ષ માટે સામાજિક કલ્યાણના હેતુથી નીચે મુજબની અનેક યોજનાઓ તૈયાર કરવામાં આવી છે : 'ભગવાન બુદ્ધ રાજ્ય શિષ્યવૃત્તિ યોજના' ડૉ. આંબેડકર સરકારી છાત્રાલયો
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન પ્રોત્સાહન સહાય યોજના કુંવરબાઈનું મામેરું યોજના મંગલસૂત્ર યોજના માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના મહિલાઓ માટે સીવણ વગની તાલીમ અને આર્થિક સહાય
- સરસ્વતી સાધના યોજનાનં વિકલાંગ વિધવા મકાન સહાય યોજના વિધવા પેન્શન યોજના વિધવાઓના આર્થિક પુનઃવસન માટે તાલીમ અને સાધન સહાય યોજના બળાત્કારનો ભોગ બનેલ મહિલાને આર્થિક વળતર યોજના વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના 'અભયમ 181' : મહિલા હેલ્પલાઇન યોજના સરકારી મહિલા આશ્રયગૃહોની સુધારણા યોજના માનસિક રીતે અસ્થિર અને એચઆઈવી – એઈટ્સ ગ્રસ્ત મહિલાઓ માટે આશ્રયગૃહોની યોજના મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના સુરક્ષા સેતુ યોજના સમરસ મહિલા ગ્રામપંચાયત સહાય યોજના ઉપર દર્શાવેલી યોજનાઓ દ્વારા સમાજની વંચિત અને નબળા વર્ગની મહિલાઓને સહાય કરીને તેઓનું સશક્તિકરણ કરવામાં આવે છે.